

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 31-08-2022

**ખેરગામમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતીની ઉજવણી કરાઈ**

ખેરગામ | ખેરગામની સરકારી કોલેજમાં આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૬મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.એમનું જીવન અને લોકસાહિત્ય માંથી યુવાનો પ્રેરણા લઈ સંશોધન કાર્યમાં આગળ વધે એ હેતુંને ધ્યાનમા લોકગીત, મેઘાણી રેખાચિત્ર, વકૃત્વ મોબાઈલ વિડિયો ક્લિપ અને સાહિત્ય પુસ્તક પરિચય સહિતના કાર્યક્રમો યોજાયા હતા.IQAC ના કો-ઓર્ડિનેટર ધર્મરાજ ટૅભરે જણાવ્યું કે મેઘાણીની લોકપ્રિયતા, પ્રેમશૌર્યની ભાવના જગાડનાર કવિનો 'સિંધુડો' કાવ્ય સંગ્રામ અંગ્રેજ સરકારે જપ્ત કર્યો હતો. અને 'છેલ્લો કટોરો' કાવ્યમાં મેઘાણીએ ગાંધીજીના મનોસ્થિતિનું વર્ણન કર્યું હતું.એસ.વાય.બી.એનો વિદ્યાર્થી નેનેષ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.અને વિદ્યાર્થીની હિરલ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.



**ખેરગામ સરકારી કોલેજમાં ઝવેરચં[...] મેઘાણીની જન્મ જયંતીની ઉજવણી કર[...]**

(દ.ગં.ટા. પ્રતિનિધિ) ખેરગામ, તા.૩૧ : સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ તા. ખેરગામ જિ. નવસારી ખાતે તા.૩૦/૦૮/૨૦૨૨ને મંગળવારના રોજ સમધારા અન્વયે જ્ઞાનધારા, સર્જનાત્મક અભિવ્યક્તિધારા અને ગુજરાતી વિભાગ તેમજ ગ્રંથાલયના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૬મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૨૩ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો. ઝવેરચંદ મેઘાણીનું જીવન અને લોકસાહિત્યમાંથી પ્રેરણા લઈ સંશોધન કાર્યમાં આગળ વધે એ હેતુંને ધ્યાનમાં લઈ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું જેમકે લોકગીત, મેઘાણી રેખાચિત્ર, વકતૃત્વ, મોબાઈલ વિડિયો ક્લિપ અને સાહિત્ય પુસ્તક પરિચય. ગ્રંથપાલ વિષ્ણુભાઈ પઢિયારએ લોકસાહિત્ય, સંશોધન, ચારણી

**ગણદેવી પાલિ[...]**

# ૧૦.૨.૩. હિન્દી વિભાગ અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

પ્રા.ડૉ.મનિષાબેન આર. જોગીયા,
અધ્યક્ષ હિન્દી વિભાગ

ભાષા ભાવો અને વિચારોને વ્યક્ત કરવાનું માધ્યમ છે. ભાષા વ્યક્તિ ને વ્યક્તિથી, જાતી ને જાતિથી અને રાષ્ટ્ર ને રાષ્ટ્રથી જોડવાનું કાર્ય કરે છે. ભારતીય બંધારણ પાસે ૨૨ ભાષાઓ છે, જેમાં હિન્દીનું સ્થાન આગવું અને નિરાળુ છે .હિન્દી ફક્ત ભારતની જ નહી, પરંતુ સંસારની ઉન્નત ભાષા છે, સરળ અને લચીલી અને વ્યાવહારિક ભાષા છે, બીજી ભાષાના અનેક શબ્દો અપનાવી અને હિન્દી પોતાની શબ્દ સમૃદ્ધિ વધારતી રહી છે.

"हिंदी भारत की आन, बान और शान है"

ભાષાનાં રૂપમાં હિન્દી ભારતની પહેચાન જ નહી, પરંતુ આપણા જીવનમૂલ્યો અને સંસ્કૃતિની સંવાહક અને સમ્માનનીય ભાષા છે. સરળ, સહજ, રચનાત્મક, વ્યવસ્થિત, સુગમ અને વૈજ્ઞાનિક ભાષા છે તે બધા ધર્મો ને પણ જોડવાનું કાર્ય કરે છે.

ભારતીય બંધારણમાં અનુચ્છેદ ૩૪૩ થી ૩૫૧ માં રાજભાષા સંબંધી વ્યવસ્થા છે. ૧૪ સપ્ટેમ્બર પ્રતિ વર્ષ "હિન્દી દિવસ" રૂપે ઉજવવામા આવે છે. હિન્દી ભાષાની લિપી દેવનાગરી છે, જે વૈજ્ઞાનિક લિપી છે, હિન્દી એક વ્યવહારિક ભાષા છે અને એશિયાની પ્રતિનિધિ ભાષા છે. ભારત સિવાયનાં દેશો જેવા કે નેપાળ, દ .આફ્રિકા, અમેરિકા, જર્મની, સિંગાપુર જેવા દેશોમાં પણ આ ભાષા બોલાય છે. આ રાજભાષા સમસ્ત ભારતમાં આર્થિક, ધાર્મિક અને રાજનીતિક સંપર્ક માધ્યમના રૂપમાં સક્ષમ ભાષા છે. સૂર, તુલસી, કબીર અને મીરાં જેવાકાલજયી કવિઓએ આ ભાષામાં પ્રાણ પૂર્યા છે.

"गूंजी हिंदी विश्व मे ,

स्वप्न हुआ साकार,

राष्ट्रसंघ के मंच से,

हिंदी का जयजयकार

हिंदी का जयजयकार

રાષ્ટ્ર કવિશ્રી મૈથિલીશરણ ગુપ્તની પ્રસ્તુત પંક્તિ હિન્દી ભાષા વિશે ઘણુબધું કહી જાય છે.

"मेरी भाषा में तोते भी राम-राम जब कहते है,

मेरे रोम-रोम में मानो सुधा-स्त्रोत तब बहते है ...

सब कुछ छुट जाय, मैं अपनी भाषा कभी

नही छोडुंगा,

वह मेरी माता है, उससे नाता कैसे तोडूंगा"....

-मैथिलीशरण गुप्त

તા.૨૫/૦૬/૨૦૨૨, શનિવાર, "ઇન્ટરનેશનલ નર્સિંગ ડે"ની ઉજવણી ૧૨ મેંનાં દિવસે "ફ્લોરેન્સ નાઈટીન્ગલ"નો જન્મદિવસની ઉજવણી













પ્રસંગોચિત વકતવ્ય આપતા પ્રિ.ડૉ.એસ.એમ.પટેલ, હિન્દી વિભાગના પ્રા.ડૉ.મનિષાબેન આર.જોગિયા, T.Y.B.A.નાં હિન્દી વિભાગની વિદ્યાર્થીનીઓ જેમકે સેજલ, અસ્મિતા, ઇશા, પ્રિયંકા, સોનાલી અને અમિષા પટેલ.

તા.૦૧/૦૮/૨૦૨૨,મંગળવાર, મુન્શી પ્રેમચંદજીની જન્મ જયંતિની ઉજવણી નિમિતે વકતૃત્વ કાર્યક્રમ





"મુન્શી પ્રેમચંદજી"નું રંગોથી છાયાચિત્ર બનાવવામાં મશગુલ વિદ્યાર્થીઓ









પ્રસંગોચિત વકતવ્ય આપતા પ્રિ.ડૉ.એસ.એમ.પટેલ, હિન્દી વિભાગના પ્રા.ડૉ.મનિષાબેન આર.જોગિયા

તા.૧૪/૦૯/૨૦૨૨, બુધવાર, "હિન્દી દિવસની ઉજવણી"














"હિન્દી દિવસ"ની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ, હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ.મનિષાબેન આર.જોગિયા અને વિદ્યાર્થીઓ

તા.૬/૧/૨૦૨૩ને શુક્રવાર, "ભારતેન્દુ હરિશ્ચંદ્રજી"ની ૧૩૮મી પુણ્યતિથી નિમિત્તે "શ્રધ્ધાસુમન અર્પણ" કાર્યક્રમ













આધુનિક હિન્દી સાહિત્યના પિતામહ, શ્રેષ્ઠ રચનાકાર,ગોપાલબાબુના સુપુત્રશ્રી "ભારતેન્દુ હરિશ્ચંદ્રજી"ની ૧૩૮મી પુણ્યતિથી નિમિત્તે "શ્રધ્ધાસુમન અર્પણ" કાર્યક્રમમાં ઉપસ્થિત આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ, પ્રસંગોચિત PPT અને વકતવ્ય દ્વારા તેમના ગુણગાન ગાઈને કાર્યક્રમની ઉજવણી કરતા વિદ્યાર્થીઓ

## તા.૨૧/૦૧/૨૦૨૩, શનિવાર, "વિશ્વ હિન્દી દિવસ"ની ઉજવણી













હિન્દી વિભાગ અંતર્ગત "વિશ્વ હિન્દી દિવસ" ઉજવણીનાં કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે PPT નિહાળતા આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ અને અધ્યાપકો

## ૧૦.૨.૪. સંસ્કૃત વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

**પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ (સંસ્કૃત વિભાગાધ્યક્ષ)**

વિશ્વની સૌથી પ્રાચીનતમ ભાષા સંસ્કૃત છે. સ્વયં બ્રહ્મા તથા દેવોની ઉત્પત્તિની સાથે જ સંસ્કૃત ભાષાની પણ ઉત્પત્તિ થઇ હતી. તેથી જ તો તેને દેવવાણી અર્થાત્ દેવોની ભાષા પણ કહેવાય છે. વિશ્વનો સૌ પ્રથમ ગ્રંથ ઋગ્વેદ સંસ્કૃતમાં રચાયો હતો. બધા જ વેદોની મૂળ ભાષા સંસ્કૃત છે. ત્યાર બાદ રચાયેલ બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, વેદાંગો, રામાયણ, મહાભારત પુરાણો આદિ ગ્રંથો પણ મૂળ સંસ્કૃતમાં જ છે, જેનું જ્ઞાન માનવીને કૃતકૃત્ય કરે છે. વિશ્વનું બધું જ સાહિત્ય સંસ્કૃતમાં જોવા મળે છે. ધર્મશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, આયુર્વેદશાસ્ત્ર આદિ સમસ્ત શાસ્ત્રોના મૂળ સંસ્કૃતમાં જોવા મળે છે. સંસ્કૃત માટે કહેવાયું છે કે,

'भाषासु मधुरा मुख्या दिव्या गीर्वाणभारती ।'


સંસ્કૃત ભાષા સરળ, મધુર, સુંદર, ભવ્ય, લાલિત્યપૂર્ણ અને લાઘવથી યુક્ત છે. વિશ્વના સમસ્ત ભાષાઓના સંમ્મેલનોમાં સંસ્કૃત ભાષા આજે ઉન્નત મસ્તકે પોતાની વિજયપતાકા લહેરાવી શકે છે. કેટલાક અજ્ઞાનીઓ સંસ્કૃતને મૃત ભાષા કહે છે, જે તેઓની જ મૂર્ખતાને સાબિત કરે છે.

'भाषासु मधुरा मुख्या दिव्या गीर्वाणभारती ।'

વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું મહત્વ સમજે તથા તેઓના જ્ઞાનમાં વધારો થાય અને વધુને વધુ વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષામાં અભિરુચિ ધરાવે તેમજ કોરોના મહામારીના દિવસો દરમ્યાન પોતાના સમયનો સદુપયોગ કરી શકે એ હેતુસર અત્રેની કૉલેજ દ્વારા સંસ્કૃત વિભાગ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

૧. તા.૩૦/૦૬/૨૦૨૨ નાં રોજ મહાકવિ કાલિદાસના જન્મદિવસ નિમિત્તે "आषाढस्य प्रथम दिवसे" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**તા.૩૦/૦૬/૨૦૨૨ – કાલિદાસ જન્મજયંતિ आषाढस्य प्रथम दिवसे**








મહાકવિ કાલિદાસના જન્મદિન નિમિત્તે સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ 'आषाढस्य प्रथम दिवसे' વિષય ઉપર વિદ્યાર્થીઓ દ્વારા વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહાકવિ કાલિદાસ તથા તેઓના અમુલ્ય યોગદાનને ઉજાગર કરવા માટે કૉલેજના ૨૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## ૧૦.૨.૫. ઈતિહાસ વિભાગનો અહેવાલ શૈ.વર્ષ -૨૦૨૨-૨૦૨૩

પ્રા.ડૉ.નીમુબેન સોમાભાઇ ચૌધરી
(ઇતિહાસ વિભાગાધ્યક્ષા)

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. વર્તમાન માનવ ઇતિહાસમાં જ્ઞાન વિજ્ઞાન, સંશોધનો અને શિક્ષણનું ટેકનોલોજીને કારણે નવિનીકરણ થતા જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી રહી છે. રાષ્ટ્રના ઇતિહાસનું ઘડતર અને ચણતર મહાન પુરૂષો દ્વારા જ થાય છે. આવા મહાન પુરૂષોનું જીવન અને તેમના વિચારોનું ચિંતન ભાવિ પેઢીને પ્રેરણા અર્પી શકે છે. બહુરત્ના વસુંધરાની કુંખે અનેક રત્નોએ જન્મ લીધો છે, મહાન મહાત્માઓ, મક્કમ મુત્સદ્દીઓ, વિજેતા અને વીરપુરૂષો પેદા થયા છે. પરંતુ  આ જગતમાં એ લોકોની જ કદર થઇ છે, જેમણે 'બહુજન હિતાય, બહુજન સુખાય' પોતાનું સર્વસ્વ જીવન રાષ્ટ્રના અને વિશ્વના કલ્યાણ અર્થે સમર્પિત કર્યું છે. જેમકે મહાત્માં ગાંધી,

લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ, નૂતન ગતિશીલ વિચારોના જનક ડૉ.ભીમરાવ આંબેડકર, પરાક્રમી નેતાજી સુભાષચંદ્ર બોઝ, સાદગીને વરેલા લાલબહાદુર શાસ્ત્રી, શિક્ષણ આલમના સરતાજ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન, વિશ્વની ધરા પર ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર યુવાનોના પ્રેરણા સ્ત્રોત સ્વામી વિવેકાનંદ, રાષ્ટ્રને માટે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર કેટલાય વીર શહીદો, જેનુ હૈયુ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલુ છે, એવા સ્વદેહે ન હોવા છતા અક્ષરદેહે લોકોના હૃદયમાં બિરાજમાન છે, એવા ભારતીય લોકનેતાઓના જીવનમાંથી આજનાં વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવે, એમના જીવનને જાણે, સમજે અને પોતાના જીવનમાં પ્રગતિ કરી રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને. તેમજ UPSC/GPSC દ્વારા લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઇતિહાસ વિષયનાં વિદ્યાર્થીઓ તેમજ અન્ય ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં ઇતિહાસ વિષય પ્રત્યે રસ, રૂચિ કેળવાય અને જ્ઞાનમાં વધારો થાય.કોવિડ-૧૯નું ગ્રહણ સમગ્ર વિશ્વને લાગ્યુ છે ત્યારે વિદ્યાર્થી જગતને આધુનિક ટેકનોલોજીના યુગમાં આ ટેકનોલોજીના સદુપયોગ થકી વિદ્યાર્થીઓમાં નવી ચેતના ભરવાની, આજની યુવા શક્તિને જગાડવાની અને તેને વિકાસની કેડી પર લઇ જવાની તાતી જરૂરિયાત છે. આજનું બાળક આવતીકાલના ભારતનું ભાવિ છે. આજના કોરોનાના કપરા કાળમાં તેમનામાં નવીન વિચાર સ્ફૂરે, જુસ્સો, જોમ જળવાય, મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત બનીને રહે, નૂતન વિચારોને ગ્રહણ કરે અને સમય, સંજોગોના સથવારે વિવિધ પ્રવૃતિઓમાં તેનું મન પરોવાય એવા પ્રયાસો ઇતિહાસ વિભાગ તરફથી તથા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યા છે. અને એ હેતુને ચરિતાર્થ કરવા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ ઓનલાઇન પ્રવુતિઓ, જેમકે ક્વિઝ, વેબિનાર, સેમિનાર, વિચારલેખન, મોબાઇલ વિડિયો ક્લિપ, ગૃપચર્ચા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેની એક ઝાંખી અહીં પ્રસ્તુત કરવાનો મારો નૃમ પ્રયાસ છે.

૧. તા.૧૦/૦૮/૨૦૨૨ને બુધવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત નિબંધલેખન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૪ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૨. તા.૧૨/૦૮/૨૦૨૨ને શુક્રવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત ચિત્ર અને રંગોલી કાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૫ અને ચિત્રમાં ૦૫ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

3. તા.૧૩/૦૮/૨૦૨૨ને શનિવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ વકતૃત્વ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.

૪. તા.૧૪/૦૮/૨૦૨૨ને રવિવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત ઓનલાઈન ક્વિઝ-૧નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૫. તા.૧૭/૦૮/૨૦૨૨ને બુધવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને ઈતિહાસ વિભાગ અંતર્ગત સૂત્રલેખન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૨ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૬. તા.૧૮/૦૮/૨૦૨૨ને ગુરૂવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૩ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા આ કાર્યકર્મમાં ૧૦૪ વિદ્યાર્થીઓ અને ૧૦ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

૭. તા.૨૨/૮/૨૦૨૨ને સોમવારના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત PPT ક્રાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૨ વિદ્યાર્થીઓ અને 03 અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

૮. તા.૨૩/૦૮/૨૦૨૨ને બુધવાર થી તા.૨૭/૦૮/૨૦૨૨ને શનિવાર સુધી આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત ઓનલાઈન ક્વિઝ-૨નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં  વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૯. તા.૨૯/૦૮/૨૦૨૨ને સોમવારના રોજ S.Y.B.A.સેમેસ્ટર:3 ઈતિહાસ વિભાગનાં વિદ્યાર્થીઓને વર્તમાન પત્રો માહિતી શોધ માટે ગ્રંથાલયની મુલાકાત કરાવી.

૧૦. તા.0૧/0૯/૨૦૨૨ને ગુરૂવારના રોજ F.Y.B.A.સેમેસ્ટર:૧ ઈતિહાસ વિભાગનાં વિદ્યાર્થીઓને વર્તમાન પત્રો, મેગેઝીન, માહિતી શોધ માટે ગ્રંથાલયની મુલાકાત કરાવી હતી.

૧૧. તા.0૧/૧૦/૨૦૨૨, શનિવાર થી તા.0૫/૧૦/૨૦૨૨ બુધવાર સુધી ઈતિહાસ વિભાગ અને જ્ઞાનધારાનાં સયુંકત ઉપક્રમે આયોજિત વિશ્વ મહામાનવ મહાત્મા ગાંધીજીનાં ૧૫૩માં જન્મદિન નિમિત્તે ક્વિઝ " નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૧૨. તા.0૨/૧૦/૨૦૨૨, રવિવાર થી તા.0૫/૧૦/૨૦૨૨ બુધવાર ઈતિહાસ વિભાગ અને જ્ઞાનધારાનાં સયુંકત ઉપક્રમે આયોજિત ""લાલ બહાદુર શાસ્ત્રીજીનાં ૧૧૯ માં જન્મદિન નિમિત્તે ક્વિઝ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૪ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૧૩. તા.૨૬/૧૧/૨૦૨૨, શનિવાર થી તા.૨૯/૧૧/૨૦૨૨, મંગળવાર સુધી ઇતિહાસ વિભાગ અને જ્ઞાનધારાનાં સયુંકત ઉપક્રમે "ભારતીય સંવિધાન દિવસ"ની ઉજવણી નિમિતે ઓનલાઇન કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૧૪. તા.૧૫/૧૨/૨૦૨૨, ગુરૂવારના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ નિમિત્તે ઇતિહાસ વિભાગ અને જ્ઞાનધારાનાં સયુંકત ઉપક્રમે ઓનલાઇન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં  વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.